**રેગ્યુ. દિવાની દરખાસ્ત નં.:૨૦૨/૨૦૨૨**

**આંક–૧ હેઠળ હુકમ.**

રેકર્ડ વંચાણે લીધું. હાલની દરખાસ્ત વાદીના દાવામાં થયેલ હુકમનામા આધારે પ્રતિવાદી પાસેથી રૂા.૧૫,૯૩૪.૧૫ પૈસા મેળવવા દાખલ કરવામાં આવેલ છે. પ્રતિવાદીને કોર્ટ સમક્ષ હાજર રહેવા નોટીસ પ્રતિવાદીને બજવા માટે મોકલ્યા બાદ પ્રતિવાદીનું જંગમ જપ્તીનું વોરંટ નીકળેલ છે. રેકર્ડ જોતાં દર. પ્રતિવાદી સામે તા. ૧૨/૧/૨૩ ની ગઈ મુદતથી જંગમ જપ્તી કાઢવામાં આવેલ છે, તેમાં બેલીફશ્રીના શેરા મુજબ દર. વાદીને હાજર રહેવાની સમજ કરેલ હોવા છતાં હાજર રહી અમલવારી કરાવવા કોઈ તજવીજ કરેલ નથી. જેથી રેકર્ડ જોતાં દર. વાદીને પુરતો સમય આપેલ હોવા છતાં દર. વાદીએ દર. પ્રતિવાદીઓને બજવણી કરવા પ્રયત્ન કરેલ નથી અને કોઈ તજવીજ કરેલ નથી, આમ, વાદીને દરખાસ્તની કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી, જેથી સદરહું વાદીની દરખાસ્ત વાદીની કસુરના કારણે રદ્દ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૬ મી માહે એપ્રિલ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું. બાબરા
તા. ૬/૪/૨૦૨૩.

(સંદીપ ચીમનભાઈ વાઘેલા )
**GJO1572**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ. ક., બાબરા.